


# તમારું ડેબ્ટ ઈન્વેસ્ટમેન્ટ્સ કોઈપણ સમય માટે

Birla Sun Life

## Dynamic Bond Fund

(An Open ended Income Scheme)

Birla Sun Life
Mutual Fund

### હાઈલાઈટ્સ

- કોર્પોરેટ બોન્ડ્સ અને સરકારી સિક્યુરિટીઝમાં રોકાણ કરો
- ઉચ્ચ ગુણવત્તાનાં રોકાણો
- તમારાં નાણાંની આસાન પહોંચ

રૂપરેખાઓ યોજનાની ભાવિ કામગીરીનો સંકેત નથી.

જીવન, આપણે હંમેશાં જાણીએ છીએ તેમ આપણને અલગ અલગ તબક્કા બતાવે છે. આ તીવ્ર સ્થિતિઓમાંથી આપણે જેમ પસાર થઈએ તેમ મજબૂત બનતા જઈએ છીએ. આ સંજોગોમાં પણ અડીખમ ઊભા રહે અને દરેક વિપરીત પરિસ્થિતિને માત આપીને આગળ વધે તે જ અસલી વિજેતા નીવડે છે. અને આપણે અગાઉથી નિયોજન કરીએ અને દરેક સંજોગો માટે સજ્જ રહીએ તો જ આ શક્ય બની શકે છે.

**‘બિરલા સન લાઈફ ડાયનેમિક બોન્ડ ફંડ’**નું લક્ષ્ય વ્યાજ દરોમાં વધારો થાય કે ઘટાડો થાય તો પણ સારી કામગીરી કરવાનું છે. વ્યાજ દરોમાં વધઘટ સાથે રોકાણ વ્યૂહરચના બદલાવાના આ ગતિશીલ સ્વભાવને લીધે તેને આવશ્યક દીર્ઘદૃષ્ટિ મળે છે.

Please refer to the back page for product labelling and other details.

## તમને કઈ રીતે લાભ મળી શકે?

જો વ્યાજ દરો વધવાની શક્યતા હોય તો બીએસએલ ડાઈનેમિક બોન્ડ ફંડમાં તેનાં રોકાણો ઝડપથી મેચ્યોર થતા ટૂંકા ગાળાના બોન્ડ્સમાં બદલી કરવા માટેની પૂરતી સાનુકૂળતા છે. આમ, તે ઉચ્ચ દરના નવા બોન્ડમાં રોકાણ કરી શકે, જેથી સમયાંતરે વ્યાજ દરોમાં કોઈ પણ વધારો થાય તો તમને તેમાંથી લાભ મળી શકે છે.

વ્યાજ દરો સંભવતઃ તેની ચરમસીમાએ પહોંચી જાય એટલે બીએસએલ ડાયનેમિક બોન્ડ ફંડમાં લાંબા ગાળાના બોન્ડ્સમાં રોકાણ કરવાનો વિકલ્પ છે, જેથી તેને લાંબે ગાળે ઉચ્ચ વ્યાજ દરમાંથી લાભ થઈ શકે અને જો વ્યાજ દર નીચે આવે તો પણ યોજનાને લાભ મળવાનું ચાલુ રહી શકે છે!

**જો વ્યાજ દરો નીચે આવવાની શક્યતા હોય તે છતાં યોજના લાભ લેવાનું ચાલુ રાખી શકે છે!**

**તે આ રીતેઃ** ધારો કે તમારી પાસે 9% ના વ્યાજ દર સાથેના બોન્ડ છે અને વ્યાજ દર 7 % સુધી નીચે આવે, આવા સંજોગોમાં તમારા બોન્ડ્સ નવા જારી કરાયેલા બોન્ડ કરતાં બહેતર બની જાય છે. આથી તે નફામાં વેચી શકાય છે.

આમ, આજે તમને ઉચ્ચ વ્યાજ દરોમાંથી લાભ મળવાની સંભાવના છે ત્યારે આવતીકાલે જો વ્યાજ દર નીચે આવે તો તમને તમારા બોન્ડ પ્રીમિયમે વેચીને થોડું વધારાનું વળતર મળી શકે છે!

અગાઉનો ફકરો બીએસએલ ડાયનેમિક બોન્ડ ફંડની હેતુપૂર્ણ કામગીરી સમજાવે છે અને વધતા તથા નીચે આવતા વ્યાજ દરના સંજોગોમાં હકારાત્મક વળતરોની બાંયધરી આપતો નથી, કારણ કે રોકાણનું મૂલ્ય બજારને નુકસાનને મર્યાદિત નહીં તે સહિતનાં અન્ય પરિબળો દ્વારા અસર પામી શકે છે. ઉપરાંત બોન્ડ મૂલ્ય વ્યક્તિગત જારીકર્તાની આર્થિક સ્થિતિ, વ્યાજ દરોમાં ફેરફાર અને સામાન્ય બજાર તથા આર્થિક સ્થિતિઓના પ્રતિસાદમાં વધઘટ થઈ શકે છે. યોજનાનો પોર્ટફોલિયો યોજનાના સ્કીમ ઈન્ફોર્મેશન ડોક્યુમેન્ટ (એસઆઈડી)ની જોગવાઈઓની રેખામાં ફેરફારને આધીન છે. **કૃપા કરીને અસ્કયામત ફાળવણી, રોકાણ વ્યૂહરચના અને યોજના વિશિષ્ટ જોખમનાં પરિબળો પર વિગતો માટે એસઆઈડી જુઓ.**

## ઉચ્ચ ગુણવત્તાનાં રોકાણો

બિરલા સન લાઈફ ડાયનેમિક બોન્ડ ફંડ મુખ્યત્વે ઉચ્ચ ગુણવત્તાના કોર્પોરેટ બોન્ડ્સ અને સરકારી સિક્યુરિટીઝમાં રોકાણ કરે છે.

## તમારાં નાણાંની આસાન પહોંચ મેળવો

આમાં રિડેમ્પશન પર કોઈ નિયંત્રણ ન હોવાથી તમારાં રોકાણો રિડીમ કરવા માટે તમે આઝાદ છો. તમારી રિડીમ્ડ રકમ સામાન્ય રીતે રિડેમ્પશનની વિનંતી પ્રાપ્ત થયાની તારીખથી 10 કામકાજના દિવસોમાં ફંડ પાસે નોંધાવેલા તમારા બેન્ક ખાતામાં જમા કરાશે. જો તમે ફાળવણીની તારીખથી 90 દિવસ સુધીમાં રિડીમ/સ્વિચ-આઉટ કરો તો 0.50%નો નજીવો એક્ઝિટ લોડ લાગુ કરાશે. જો 90 દિવસ પછી ગમે ત્યારે ઉપાડ કરો તો તમને કોઈ પણ એક્ઝિટ લોડ ચૂકવવો નહીં પડશે.

રોકાણ કરવા પૂર્વે લોડ માળખાની અપડેટ્સ વિશે કૃપયા અહીં વિઝિટ કરોઃ mutualfund.birlasunlife.com


## નાણાકીય નિવારણોની અમારી શ્રેણી

| બચત | નિયમિત આવક | કર બચત | સંપત્તિ નિર્માણ |
|---|---|---|---|

અમારાં બચતનાં નિવારણોનું લક્ષ્ય તમને પ્રવાહિતા આપીને અને કર-કાર્યક્ષમ વળતરો આપીને તમારાં નાણાંનું સંવર્ધન કરવાનું છે.

The Financial Solution (Savings Solutions) stated above is ONLY for highlighting the many advantages perceived from investments in Mutual Funds but does not in any manner, indicate or imply, either the quality of any particular Scheme or guarantee any specific performance/returns.

Birla Sun Life
Mutual Fund

call 1-800-270-7000 sms GAIN to 567679 mutualfund.birlasunlife.com

Premium SMS charges apply.

**Connect with us on** https://www.facebook.com/BSLMF https://twitter.com/BSLMF https://www.linkedin.com/company/bslmf


| Scheme: | This product is suitable for investors who are seeking*: | |
|---|---|---|
| **Birla Sun Life Dynamic Bond Fund** (An Open ended Income Scheme) | • income with capital growth over short term<br>• investments in actively managed portfolio of high quality debt and money market instruments including government securities.<br>*Investors should consult their financial advisors, if in doubt about whether the product is suitable for them. | Investors understand that their principal will be at **Moderate** risk |

Distributed By:


**Mutual Fund:** Birla Sun Life Mutual Fund. **Asset Management Company / Investment Manager:** Birla Sun Life Asset Management Company Ltd. CIN: U65991MH1994PLC080811. **Registered Office:** One Indiabulls Centre, Tower - 1, 17th Floor, Jupiter Mill Compound, 841, Senapati Bapat Marg, Elphinstone Road, Mumbai - 400013.



**Mutual Fund investments are subject to market risks, read all scheme related documents carefully.**